# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 02-01-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર **રીટા દવે** વાંચે છે.

*****************************************************

1. **ઉપરાષ્ટ્રપતિ સી પી રાધાકૃષ્ણન આજથી તમિલનાડુના બે દિવસના પ્રવાસે.**
2. **રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું, મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટે 1.5 કિલોમીટરની સુરંગના નિર્માણ સાથે મોટો સીમાચિહ્ન હાંસલ કર્યો**
3. **2010 બાદ પશ્ચિમ બંગાળ સરકારે જાહેર કરેલા OBC પ્રમાણપત્રો SIRના માન્ય સહાયક ઓળખ દસ્તાવેજો તરીકે ગણાશે નહીં - ચૂંટણી પંચનો નિર્દેશ**
4. **દેશના વિવિધ ભાગોમાં ગાઢ ધુમ્મસના કારણે અનેક ટ્રેનો ખોરવાઈ**
5. **ઈરાનમાં ચાલી રહેલા વિરોધ પ્રદર્શનમાં અનેક લોકોના મોત.**
6. **11મી ભારત આંતરરાષ્ટ્રીય યુવા નૌકાયન સ્પર્ધા 4 જાન્યુઆરીથી ચેન્નાઈ બંદર ખાતે યોજાશે.**

.................................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# VP - TN VISIT

**ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન આજથી તમિલનાડુના બે દિવસના પ્રવાસે છે. તેઓ ચેન્નાઈ અને વેલ્લોરમાં અનેક કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેશે. સાંભળીએ અમારા સંવાદદાતાનો અહેવાલ સાંભળીએ**

**V/C: PADMNABHAN**

. . . . . . . . . . . . . . . . . . . . . .

# PM-SURESH KUMAR

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બેંગલુરુથી કન્યાકુમારી સુધીની સાયકલ દ્વારા યાત્રા પૂર્ણ કરવાની નોંધપાત્ર સિદ્ધિ બદલ એસસુરેશ કુમારની . સોશિયલ મીડિયા પર એક પોસ્ટમાં પ્રધાનમંત્રીએ કહ્યું કે .પ્રશંસા કરી છે આ સિદ્ધિ માત્ર પ્રશંસનીય અને પ્રેરણાદાયક નથી, પરંતુ શ્રી કુમારના દૃઢ નિશ્ચય અને અટલ ભાવનાનો પુરાવો પણ છેશ્રી મોદીએ ભાર મૂક્યો કે . આવા પ્રયાસો સમાજને તંદુરસ્તી અને નિશ્ચયનો મહત્વપૂર્ણ સંદેશ મોકલે છેતેમણે કહ્યું ખાસ વાતએ છે કે આ સિદ્ધિ ગંભીર સ્વાસ્થ્ય સમસ્યાઓને . દરમિયાન પ્રધાનમંત્રીએ શ્રી કુમાર સાથે .દૂર કર્યા બાદ પ્રાપ્ત થઈ છે ફોન પર વાત કરી અને તેમના હિંમત, પ્રયાસો અને સમર્પણની પ્રશંસા કરી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## PM-HM PADMANABHAN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહે આજે મન્નાથુ પદ્મનાભનને તેમની જન્મજયંતિ પર શ્રદ્ધાંજલિ અર્પણ કરી. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી મોદીએ કહ્યું, પદ્મનાભન એક સ્વપ્નદ્રષ્ટા હતા જે માનતા હતા કે સાચી પ્રગતિ ગૌરવ, સમાનતા અને સામાજિક સુધારામાં રહેલી છે.

શ્રી મોદીએ આરોગ્ય, શિક્ષણ, મહિલા સશક્તિકરણ જેવા ક્ષેત્રોમાં પદ્મનાભનના પ્રયાસોને ખૂબ જ પ્રેરણાદાયક ગણાવ્યા. તેમણે કહ્યું કે મન્નાથુ પદ્મનાભનને ઊંડા આદર સાથે યાદ કરવામાં આવે છે અને તેમના આદર્શો દેશવાસીઓને કરુણાપૂર્ણ અને સુમેળભર્યા સમાજ તરફ માર્ગદર્શન આપતા રહે છે.

ગૃહમંત્રી અમિત શાહે મન્નત પદ્મનાભનને એક સમજદાર સમાજ સુધારક અને શ્રદ્ધાળુ દેશભક્ત તરીકે વર્ણવ્યા જેમણે કેરળમાં સમાજના સર્વોચ્ચ મૂલ્યોને મજબૂત બનાવવા માટે પોતાને સમર્પિત કર્યા. તેમણે કહ્યું કે પદ્મનાભને સામાજિક બિમારીઓનો સામનો કરવા માટે તેમના જીવનભરના સંઘર્ષ દ્વારા ન્યાયી અને સમાન સમાજનો માર્ગ મોકળો કર્યો.

. . . . . . . . . . . . . . . . . . . . . . .

# VAISHNAW - TUNNEL - EARLY

રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું, મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટે મહારાષ્ટ્રના પાલઘરમાં વિરાર અને બોઇસરને જોડતી લગભગ 1.5 કિલોમીટરની સુરંગના નિર્માણ સાથે મોટો સીમાચિહ્ન હાંસલ કર્યો છે.

મહારાષ્ટ્રના પાલઘરમાં હાઇ-સ્પીડ ટનલ બ્રેકથ્રુ કાર્યક્રમને વર્ચ્યુઅલી સંબોધતા શ્રી વૈષ્ણવે કહ્યું કે આ પ્રોજેક્ટમાં કુલ સાત પર્વતીય સુરંગ અને એક દરિયાઈ સુરંગ છે.

તેમણે કહ્યું કે, મહારાષ્ટ્રમાં આ બીજી પર્વતીય સુરંગ સફળતા છે. તેમણે કહ્યું કે બુલેટ ટ્રેન મધ્યમ વર્ગ માટે પરિવહનના સસ્તા અને અનુકૂળ માધ્યમ તરીકે સેવા આપશે.

**બાઇટ : ASHWANI-VAISHNAV**

શ્રી વૈષ્ણવે ગઈકાલે જાહેરાત કરી હતી કે, ભારતને **15** ઓગસ્ટ **2027**ના રોજ તેની પ્રથમ બુલેટ ટ્રેન મળવાની સંભાવના છે.

. . . . . . . . . . . . . . . . . . . . . .

**WB-ECI**

ચૂંટણી પંચે એક નિર્દેશ જારી કર્યો છે જેમાં જણાવાયું છે કે, 2010 પછી પશ્ચિમ બંગાળ સરકાર દ્વારા જારી કરાયેલા અન્ય પછાત વર્ગ-OBC પ્રમાણપત્રોને SIR ના સંબંધમાં મુસદ્દા મતદાર યાદીના દાવાઓ અને વાંધાઓ પર સુનાવણી દરમિયાન માન્ય સહાયક ઓળખ દસ્તાવેજો તરીકે ગણવામાં આવશે નહીં.

આ પગલું 24 ડિસેમ્બર, 2025 ના રોજ કોલકાતા વડી અદાલતના આદેશને પગલે લેવામાં આવ્યું છે, જેમાં 2010થી 2024 દરમિયાન 113 સમુદાયોને આપવામાં આવેલા OBC પ્રમાણપત્રો રદ કરવામાં આવ્યા હતા.

અદાલતે વર્ગીકરણ પ્રક્રિયામાં અનિયમિતતાઓ શોધી ચુકાદો આપ્યો હતો કે પ્રમાણપત્રોમાં કાનૂની માન્યતાનો અભાવ છે. અદાલતના નિર્ણય બાદ, પશ્ચિમ બંગાળના મુખ્ય ચૂંટણી અધિકારીએ તમામ જિલ્લા ચૂંટણી અધિકારીઓને સૂચનાઓ આપી, જેમાં ભાર મૂક્યો કે આવા પ્રમાણપત્રોનો ઉપયોગ મતદાર યાદીઓના ચાલી રહેલા વિશેષ સઘન સુધારણા-SIRમાં કરી શકાતો નથી.

. . . . . . . . . . . . . . . . . . . . . . .

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **YOUTUBE** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **NEWSONAIR.GOV.IN**/સ્લેશ/**GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . .

## ARMY - ANIMAL CONTINGENT

પ્રથમ વખત, ભારતીય સેનાની પશુ ટુકડી **2026**ના પ્રજાસત્તાક દિવસની પરેડ દરમિયાન નવી દિલ્હીમાં કર્તવ્ય પથ પર કૂચ કરશે. તે દેશના કેટલાક સૌથી પડકારજનક પ્રદેશોમાં લશ્કરી કામગીરીમાં પ્રાણીઓની મહત્વપૂર્ણ ભૂમિકા દર્શાવશે.

સાંભળીએ એક અહેવાલ..

## V/C: MUKESH-BAL

. . . . . . . . . . . . . . . . . . . . . .

# TRAINS DELAYED

દેશના વિવિધ ભાગોમાં ગાઢ ધુમ્મસના કારણે દૃશ્યતા ઓછી હોવાથી અનેક ટ્રેનોની અવરજવર ખોરવાઈ ગઈ છે. ભારતીય રેલવેના જણાવ્યા અનુસાર, 31 ટ્રેનો બે કલાકથી વધુ મોડી પડી છે.

મુસાફરોને સલાહ આપવામાં આવે છે કે તેઓ સ્ટેશન પર પહોંચતા પહેલા ટ્રેનોની નવીનતમ સ્થિતિ તપાસે.

. . . . . . . . . . . . . . . . . . . . . .

# INDIA- SWITZERLAND FIRE

સ્વિટ્ઝર્લૅન્ડના ક્રેન્સ-મોન્ટાનામાં થયેલા દુ:ખદ આગ વિસ્ફોટ પર ભારતે દુઃખ વ્યક્ત કર્યું. એક સોશિયલ મીડિયા સંદેશમાં, સ્વિટ્ઝર્લૅન્ડમાં ભારતીય દૂતાવાસે કહ્યું કે ભારત આ મુશ્કેલ સમયમાં સ્વિઝ સરકાર અને તેના લોકો સાથે ઉભું છે.

નવા વર્ષની પૂર્વ સંધ્યાએ સ્વિટ્ઝર્લૅન્ડના વેલૈસ કેન્ટનમાં ક્રેન્સ-મોન્ટાના સ્કી રિસોર્ટમાં 'લે કોન્સ્ટેલેશન' બારમાં વિસ્ફોટ અને આગ

**લાગવાથી ઓછામાં ઓછા 40 લોકો માર્યા ગયા અને ઘણા લોકો ઘાયલ થયા.**

. . . . . . . . . . . . . . . . . . . . . .

## IRAN-UNREST

ઈરાનમાં ચાલી રહેલા વિરોધ પ્રદર્શનોમાં અનેક લોકો માર્યા ગયા છે. વધતી જતી મોંઘવારીને કારણે થયેલા વિરોધ પ્રદર્શનો બાદ ઈરાનમાં આર્થિક સ્થિતિ વધુ ખરાબ થઈ ગઈ છે. ઈરાની મીડિયા અને માનવાધિકાર જૂથોએ ગઈકાલે પશ્ચિમી શહેર લોરદેગાન અને મધ્ય પ્રાંત ઇસ્ફહાન સહિત અનેક સ્થળોએ વિરોધીઓ અને સુરક્ષા દળો વચ્ચે થયેલી અથડામણમાં મૃત્યુની પુષ્ટિ કરી છે. રવિવારે દુકાનદારો ચલણ કટોકટી અને ઝડપથી વધતી ગ્રાહક કિંમતોનો વિરોધ કરવા માટે રસ્તાઓ પર ઉતર્યા હતા ત્યારે શરૂ થયેલા વિરોધ પ્રદર્શનોમાં આ હિંસામાં તીવ્ર વધારો થયો છે.

અર્ધ-સત્તાવાર ફાર્સ સમાચાર સંસ્થાએ અહેવાલ આપ્યો છે કે લોરદેગનમાં સુરક્ષા દળો અને વિરોધીઓ વચ્ચેની અથડામણમાં બે લોકો માર્યા ગયા છે, જોકે અગાઉના અહેવાલોમાં વધુ લોકો માર્યા ગયા હોવાનું જણાવાયું હતું.

સર્વોચ્ચ નેતા આયાતુલ્લા અલી ખામેનેઈના અધિકાર હેઠળ કાર્યરત અને ઇસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ્સ કોર્પ્સ સાથે સંકળાયેલ બાસીજ અર્ધલશ્કરી

દળ, સરકારની સુરક્ષા કામગીરીમાં મુખ્ય ભૂમિકા ભજવે છે. ઘણા દિવસોથી, વેપારીઓ, દુકાનદારો અને વિવિધ યુનિવર્સિટીઓના વિદ્યાર્થીઓ વિરોધ પ્રદર્શનના ભાગ રૂપે મુખ્ય બજારો બંધ કરાવી રહ્યા છે.

ઈરાનના પરમાણુ કાર્યક્રમ પર અમેરિકા અને પશ્ચિમી દેશો દ્વારા લાદવામાં આવેલા પ્રતિબંધોને કારણે ઈરાનની અર્થવ્યવસ્થા સતત કથળી રહી છે. 2025માં ડોલર સામે ઈરાની રિયાલનું મૂલ્ય લગભગ અડધું થઈ ગયું છે, જ્યારે ડિસેમ્બરમાં ફુગાવો 42.5 ટકા સુધી પહોંચી ગયો છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## GAMBIA

**ગામ્બિયામાં નાવ પલટી જતાં સાત લોકોના મોત થયા છે જ્યારે 96 લોકોને બચાવી લેવામાં આવ્યા હતા.**

**દેશના સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે, શોધ અને બચાવ પ્રયાસો હજુ પણ ચાલુ છે અને હોડીમાં 200થી વધુ લોકો હોવાની શક્યતા છે. આ અકસ્માત એટલાન્ટિક માર્ગ પર થયો હતો. જે સ્પેનના કેનેરી ટાપુઓ સુધી પહોંચવાનો અત્યંત જોખમી માર્ગ માનવામાં આવે છે.**

. . . . . . . . . . . . . . . . . . . . . . .

## INDIA INTNL YOUTH SAILING CHAMPIONSHIP

11મી ભારત આંતરરાષ્ટ્રીય યુવા નૌકાયન સ્પર્ધા 4 થી 10 જાન્યુઆરી દરમિયાન ચેન્નાઈ બંદર ખાતે યોજાશે. આ ભારતની સૌથી લાંબી ચાલતી અને સૌથી સુસંગત આંતરરાષ્ટ્રીય યુવા સેઇલિંગ રેગાટા છે.

આ ચેમ્પિયનશિપમાં 13 દેશોના 117 નોંધાયેલા ખલાસીઓ પાંચ ઉચ્ચ યુવા વર્ગોમાં સ્પર્ધા કરશે. તમામ સ્પર્ધાનું સત્તાવાર યુટ્યુબ ચેનલો પર વૈશ્વિક સ્તરે જીવંત પ્રસારણ કરવામાં આવશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . .

## ECUADOR EMERGENCY

ઇક્વાડોરના રાષ્ટ્રપ્રમુખ ડેનિયલ નોબોઆએ નવ પ્રાંતો અને ત્રણ નગરપાલિકાઓમાં નવી 60 દિવસની કટોકટી જાહેર કરી છે. ગુનાહિત હિંસામાં વધારો થવાને આ નિર્ણય લેવાયો છે.

રાષ્ટ્રપતિએ કહ્યું કે, હુકમનામાની 60 દિવસની માન્યતાનો હેતુ ઉચ્ચ-તીવ્રતાવાળી હિંસાને રોકવા અને ઘટાડવા, ચાલુ અથવા નિકટવર્તી ધમકીઓને નિષ્ક્રિય કરવા અને ગુનાહિત માળખાને તોડી પાડવાનો છે.

બુધવારે રાષ્ટ્રપતિ દ્વારા હસ્તાક્ષર કરાયેલ આ કટોકટી ગુરુવારથી દરિયાકાંઠાના પ્રદેશમાં ગુઆયાસ, માનાબી, સાન્ટા એલેના, લોસ રિયોસ, અલ ઓરો અને એસ્મેરાલ્ડાસ પ્રાંતોમાં, મધ્ય-ઉત્તરી પ્રાંતો પિચિંચા અને સાન્ટો ડોમિંગોમાં તેમજ એમેઝોન ક્ષેત્રના સુકુમ્બિઓસ પ્રાંતમાં અમલમાં છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . .